**MSU યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો**

# ૩૧ દેશોના ૧૦૯ વિદ્યાર્થીઓએ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ મેળવ્યો

**બાંગ્લાદેશના** સૌથી વધુ 23 વિદ્યાર્થીઓ, ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ ફેકલ્ટી સૌથી વધુ પસંદગી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બની રહી છે. ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ અફેર્સ દ્વારા મળેલી માહિતી મુજબ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે અત્યાર સુધીમાં 31 દેશોના કુલ 109 આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓમાં પ્રવેશ મેળવ્યો છે.

બાંગ્લાદેશના સૌથી વધુ 23 વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. ત્યારબાદ તાન્ઝાનિયાના 11, શ્રીલંકાના 9, મોઝામ્બિકના 7, બોત્સ્વાના અને નેપાળના 6-6 તથા ઘાના અને મ્યાનમારના 5-5 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુએસએ, રશિયા, બ્રાઝિલ, કેન્યા, દક્ષિણ આફ્રિકા, ઈન્ડોનેશિયા સહિત કુલ 31 દેશોના વિદ્યાર્થીઓ એમએસયુમાં અભ્યાસ કરશે. ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગમાં સૌથી વધુ 31 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. ત્યારબાદ ફેકલ્ટી ઓફ સાયન્સમાં 20, ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સમાં 19, ફેકલ્ટી ઑફ આર્ટ્સમાં 17 અને ફેકલ્ટી ઑફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજીમાં 9 વિદ્યાર્થીઓ છે. ફેમિલી એન્ડ કમ્યુનિટી સાયન્સ, સોશિયલ વર્ક, જર્નાલિઝમ અને ફાઈન આર્ટ્સમાં પણ આંતરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ અફેર્સના ઈન્ચાર્જ ડિરેક્ટર ડો. રણજિતસિંહ દેવકરે જણાવ્યું કે, 31 દેશોના 109 વિદ્યાર્થીઓનો પ્રવેશ યુનિવર્સીટીની વધતી જતી આંતરરાષ્ટ્રીય ઓળખ અને શૈક્ષણિક આકર્ષણનું પ્રતિબિંબ છે. અમે દરેક વિદ્યાર્થીને સહાયક અને સમૃદ્ધ શૈક્ષણિક વાતાવરણ આપવા પ્રતિબદ્ધ છીએ. પ્રવેશપ્રક્રિયા હજુ ચાલુ હોવાથી સંખ્યા વધુ વધશે. ઓએસડી , પબ્લિક રિલેશન્સ એન્ડ કમ્યુનિકેશન પ્રો. હિતેશ ડી. રવિયાએ કહ્યું કે, વિવિધ દેશોના વિદ્યાર્થીઓથી કેમ્પસનું બહુસાંસ્કૃતિક અને બૌદ્ધિક વાતાવરણ વધુ સમૃદ્ધ બનશે. આ સિદ્ધિ મહારાજા સયાજીરાવ ગાયકવાડના શિક્ષણને સામાજિક પ્રગતિનું સાધન બનાવવાના વારસાને આગળ ધપાવે છે. યુનિવર્સિટી દ્વારા તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું છે અને તેઓ યુનિવર્સિટીના શૈક્ષણિક તથા સાંસ્કૃતિક જીવનમાં સક્રિય ભાગ ભજવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# વડોદરા ઝોનની ૨૬ નગરપાલિકાઓમાં ભારે વરસાદના પગલે તંત્ર એલર્ટ

**૯ નગરપાલિકાઓમાં** ૧૦૦ મી.મી.થી વધુ વરસાદ નોંધાયો ; સોજીત્રામાં સૌથી વધુ ૨૮૬ મી.મી વરસાદ



(પ્રતિનિધિ) વડોદરા,તા.24

હેઠળના ૬ જિલ્લાઓની ૨૬ નગરપાલિકાઓમાં શુક્રવાર સવાર પહેલાના છેલ્લા ૨૪ કલાક દરમિયાન નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જેમાં ૯ નગરપાલિકાઓમાં ૧૦૦ મી.મી. થી વધુ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ સોજીત્રા (૨૮૬ મી.મી.), બોરિયાવી (૧૭૫ મી.મી.), પાદરા (૧૬૧ મી.મી.), ઉમરેઠ (૧૩૦ મી.મી.), બોરસદ (૧૨૪ મી.મી.) અને પેટલાદ (૧૨૧ મી.મી.) ખાતે નોંધાયો છે.

વરસાદને કારણે પેટલાદમાં ૪, બોરસદમાં ૨ તથા શહેરામાં ૧ સ્થળે પાણી ભરાવાની ઘટના નોંધાઈ હતી, જ્યાં નગરપાલિકાઓ દ્વારા તાત્કાલિક ડી-વોટરિંગની કામગીરી હાથ ધરવામાં આવી. જાનહાનિ, સ્થળાંતર, મકાન/દીવાલ ધરાશાયી, પુલ-માર્ગને નુકસાન, નદીમાં પૂર અથવા ડેમમાંથી પાણી છોડવાના કારણે કોઈ અસર નોંધાઈ નથી. તમામ નગરપાલિકાઓમાં કંટ્રોલ રૂમ તથા QRT ટીમો કાર્યરત છે.

ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રાદેશિક કમિશ્નરશ્રી દ્વારા ઝોનની તમામ સંવેદનશીલ તથા ભારે વરસાદગ્રસ્ત નગરપાલિકાઓને સતત મોનીટરીંગ રાખવા, જરૂરી તકેદારીના પગલાં લેવા તથા રાહત કામગીરી સઘન બનાવવા સૂચના આપવામાં આવી હતી.

**૧૪૫-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી-૨૦૨૬**

# નિષ્પક્ષ, શાંતિપૂર્ણ અને પારદર્શક મતદાન માટે વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર સંપૂર્ણ સજ્જ

**મતદારોને** નિર્ભયતાથી અને ઉત્સાહપૂર્વક મતદાન કરવા જિલ્લા ચૂંટણી અધિકારીની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ યોજાનારી ૧૪૫-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી-૨૦૨૬ને સ્વતંત્ર, નિષ્પક્ષ, શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે સંપન્ન કરવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ પ્રકારની વહીવટી, તકનીકી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. મતદાન પ્રક્રિયા સરળ, સુવિધાસભર અને વિશ્વસનીય બને તે માટે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

૧૫ જુલાઈ, ૨૦૨૬ની સ્થિતિએ મતવિસ્તારમાં કુલ ૨,૧૯,૪૯૪ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧,૧૧,૬૪૫ પુરુષ, ૧,૦૭,૮૪૭ મહિલા અને ૨ અન્ય જાતિના મતદારોનો સમાવેશ થાય છે. ઉપરાંત ૧,૬૩૪ દિવ્યાંગ મતદારો તથા ૮૫ વર્ષથી વધુ વયના ૧,૪૦૬ વરિષ્ઠ નાગરિક મતદારો પણ નોંધાયેલા છે. આવા મતદારોને સરળતાથી મતદાન કરી શકે તે માટે રેમ્પ, વ્હીલચેર, સ્વયંસેવકો સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મતદાન માટે સમગ્ર મતવિસ્તારમાં ૬૨ સ્થળોએ કુલ ૨૬૦ મતદાન મથકો કાર્યરત રહેશે. તમામ મતદાન મથકો શહેરી વિસ્તારમાં આવેલા છે. અને દરેક મતદાન મથક પર સરેરાશ ૮૪૪ મતદારો મતદાન કરશે. દરેક મતદાન મથકે પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, વીજળી, પ્રતીક્ષા માટે બેઠક વ્યવસ્થા, મતદારોને માર્ગદર્શન માટે સાઈનેજ તથા દિવ્યાંગ મતદારો માટે સુલભ પ્રવેશ જેવી મૂળભૂત સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. ચૂંટણીમાં મહિલાઓ, દિવ્યાંગજનો અને યુવા મતદારોની સહભાગિતા વધે તે માટે ૨ મહિલા સંચાલિત (સખી) મતદાન મથકો, ૨ દિવ્યાંગ કર્મચારીઓ દ્વારા સંચાલિત મતદાન મથકો તેમજ ૫ મોડેલ મતદાન મથકો કાર્યરત કરવામાં આવશે. આ મોડેલ મતદાન મથકો પર મતદારોને આકર્ષક અને સુવિધાસભર વાતાવરણ સાથે ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મતદાન પ્રક્રિયા માટે જરૂરી બેલેટ યુનિટ (BU), કંટ્રોલ યુનિટ (CU) અને VVPAT મશીનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. હાલમાં જરૂરીયાતની સરખામણીએ ૧૯૯ ટકા BU, ૧૯૩ ટકા CU અને ૧૯૧ ટકા VVPAT ઉપલબ્ધ છે.

# બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા 'સ્પેક્ટેક્યુલર 5 કિમી રન' યોજાઈ




(પ્રતિનિધિ) વડોદરા, તા.24

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશને નૈશા પટેલની પહેલને સમર્થન આપવા ચાર્જ ઝોનના સહયોગથી *'સ્પેક્ટેક્યુલર 5 કિમી રન'*નું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં 200થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ આંખોના આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપ્યો.

મહાનુભાવોના હસ્તે ફ્લેગ-ઓફ બાદ શરૂ થયેલી દોડ 13-25 વર્ષ, 26-45 વર્ષ અને 46 વર્ષથી વધુ એમ ત્રણ વયજૂથમાં યોજાઈ હતી. દરેક કેટેગરીમાં પુરુષ અને મહિલા વિભાગના પ્રથમ ત્રણ વિજેતાઓને મેડલ, પ્રમાણપત્ર અને ગિફ્ટ હેમ્પર એનાયત કરાયા, જ્યારે એક દિવ્યાંગ દોડવીરને વિશેષ સન્માન આપવામાં આવ્યું. તમામ સહભાગીઓને પાર્ટિસિપેશન સર્ટિફિકેટ આપવામાં આવ્યા.

કાર્યક્રમ દરમિયાન એનર્જી ડ્રિંક અને અંતે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. 30થી વધુ સ્વયંસેવકોના યોગદાન સાથે ગોત્રી પોલીસે સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી, જ્યારે ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ દ્વારા મેડિકલ સપોર્ટ પૂરો પાડવામાં આવ્યો હતો.

ફાઉન્ડેશનના સ્થાપક અને ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું કે કાર્યક્રમમાંથી એકત્રિત થનાર ભંડોળનો ઉપયોગ નજીકના ગામોમાં નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પો યોજવા અને જરૂરિયાતમંદોને મફત ચશ્માં ઉપલબ્ધ કરાવવા માટે કરવામાં આવશે. તેમણે તમામ સહયોગીઓ, સ્વયંસેવકો અને સહભાગીઓનો આભાર વ્યક્ત કર્યો.

# વડોદરા હેડ પોસ્ટ ઓફિસમાં હવે દર રવિવારે મળશે આધાર સેવાઓ

વડોદરા : વડોદરા શહેરની જાહેર જનતાને આધાર સંબંધિત સેવાઓ વધુ સુલભ બને તે હેતુસર વડોદરા હેડ પોસ્ટ ઓફિસ ખાતે તા.૨૬-૦૭-૨૦૨૬થી દર રવિવારે સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી આધાર નોંધણી તથા આધાર અપડેશનની સેવાઓ ઉપલબ્ધ રહેશે. જે નાગરિકોને નવો આધાર નોંધાવવાનો હોય અથવા આધાર કાર્ડમાં નામ, સરનામું, જન્મ તારીખ, મોબાઈલ નંબર, બાયોમેટ્રિક વિગતો અથવા અન્ય વિગતોમાં સુધારો/અપડેશન કરાવવાનું હોય, તેઓએ ઉપરોક્ત દિવસો અને સમય દરમિયાન વડોદરા હેડ પોસ્ટ ઓફિસ ખાતે હાજર રહી આધાર સંબંધિત સેવાઓનો લાભ લઈ શકે છે. ખાસ કરીને નોકરીયાત કર્મચારીઓ, વેપારીઓ, ઉદ્યોગ સાહસિકો, વિદ્યાર્થીઓ તેમજ અન્ય કાર્યરત નાગરિકો કે જેઓ નિયમિત કાર્યકારી દિવસોમાં આધાર કેન્દ્રની મુલાકાત લઈ શકતા નથી.

**નવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અને કોલેજ જીવન અંગે માર્ગદર્શન અપાયું**

# કે.એમ.સી.એ. કોમર્સ કોલેજમાં એફ.વાય.બી.કોમ. વિદ્યાર્થીઓનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા સ્થિત કે.એમ.સી.એ. કોમર્સ કોલેજ, જે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સાથે સંલગ્ન છે, ત્યાં તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ એફ.વાય. બી.કોમ.ના નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા વિદ્યાર્થીઓને કોલેજના શૈક્ષણિક વાતાવરણ, અભ્યાસક્રમ, શિસ્ત, વિવિધ પ્રવૃત્તિઓ, પરીક્ષા પદ્ધતિ, કારકિર્દીની તકો તેમજ સર્વાંગી વિકાસ અંગે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના મહત્વ વિશે પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ કોલેજના વિવિધ વિભાગો અને પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી.




આ પ્રસંગે કોલેજના ડિરેક્ટર ડૉ. અજય સોની સાહેબ, શ્રી શૌર્ય પ્રતાપ સાહેબ તથા ઈન્ચાર્જ આચાર્ય ડૉ. દિલીપ સાહેબએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રેરણાદાયી સંબોધન કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. ભાવિની ચૌહાણ, ડૉ. મનીષા મકવાણા, શ્રી જનક મહેતા, દિવ્યા પંડ્યા મેડમ સહિત કોલેજના તમામ અધ્યાપકો અને સ્ટાફે ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો.

ઓરિએન્ટેશન કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને રસપૂર્વક ભાગ લીધો. પ્રશ્નોત્તરી, માર્ગદર્શન અને પરિચય સત્ર દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધ્યો તેમજ કોલેજ જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસ્યો. કાર્યક્રમનું આયોજન સુવ્યવસ્થિત રીતે થયું, કાર્યક્રમનું સંચાલન કૃણાલ સોલંકી, જ્યોતિબેન, યાદવ નીશા, તથા નયન સિંઘાડિયા, દ્વારા કરવામાં આવ્યું.

# વિજાપુરવાલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં BBA બેચ-6નું ઓરિએન્ટેશન યોજાયું



(પ્રતિનિધિ) વડોદરા,તા.24

સી. કે. શાહ વિજાપુરવાલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (CKSVIM), વડોદરા ખાતે તા. 18 જુલાઈ, 2026ના રોજ BBA બેચ-6 માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓ અને વાલીઓનું તિલક અને મીઠાઈથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ડિરેક્ટર ડૉ. કેરવ પંડ્યા, મુખ્ય અતિથિ શ્રી વિનોદ વિરડિયા (HyreBridge) તેમજ લોકલ કમિટીના સભ્યો શ્રી નિલેશભાઈ શાહ અને શ્રી મનિષભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા. પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય બાદ માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી મનિષભાઈ મહેતાએ 'બડી સિસ્ટમ' કાર્યક્રમનું લોન્ચિંગ કર્યું. અંતે સમૂહ ફોટો અને નાસ્તા સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

# ભારે વરસાદ વચ્ચે શહેરની સફાઈ માટે VMCની ૨૪ કલાક કામગીરી



ભારે વરસાદ વચ્ચે વડોદરા શહેરને સ્વચ્છ અને સુરક્ષિત રાખવા મહાનગરપાલિકાની ટીમો મેદાનમાં રોગચાળો અટકાવવા અને વાહનવ્યવહાર સુગમ રાખવા માટે ચોવીસ કલાક સફાઈ ઝુંબેશ અને રોબોટિક મશીનરી તૈનાત વડોદરામાં ભારે વરસાદ ચાલુ રહેતાં, વડોદરા મહાનગરપાલિકાએ સ્વચ્છતા જાળવવા અને પાણીથી ફેલાતા રોગોનો ઉપદ્રવ અટકાવવા માટે સફાઈ અને ગટર કામગીરી વધુ ઝડપી બનાવી છે. પડકારજનક હવામાન પરિસ્થિતિઓ છતાં શહેર સ્વચ્છ અને આરોગ્યપ્રદ રહે તે માટે સફાઈ કર્મચારીઓ અથાક મહેનત કરીને કચરો દૂર કરી રહ્યા છે.

**શાળા છૂટ્યા બાદ ઘટના બનતાં મોટી દુર્ઘટના ટળી**

# ઉમરકૂઈ પ્રા.શાળાની કમ્પાઉન્ડ વોલ ધરાશાયી, શાળા છૂટ્યા બાદ બનતાં મોટી દુર્ઘટના ટળી

(પ્રતિનિધિ) સાગબારા, તા. 24

સાગબારા તાલુકાના ઉમરકૂઈ ગામે આવેલી પ્રાથમિક શાળાની 6 ફૂટ ઊંચી કમ્પાઉન્ડ વોલ ભારે વરસાદને કારણે ધરાશાયી થઈ ગઈ છે. સદનસીબે આ ઘટના શાળા છૂટ્યા બાદ બનતા કોઈ જાનહાનિ થઈ નથી, નહીંતર મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત.

ઉમરકૂઈ ગામે આવેલ પ્રાથમિક શાળામાં બાલવાટિકાથી ધોરણ-5 સુધીનો અભ્યાસ ચાલે છે. ગુરુવારે આ વિસ્તારમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, છતાં શાળાઓમાં રજા ન આપતાં બાળકોનો અભ્યાસ ચાલુ રાખવામાં આવ્યો હતો. શાળા છૂટ્યા બાદ અચાનક ભારે વરસાદને કારણે કમ્પાઉન્ડ વોલ ધસી પડી હતી.ઉલ્લેખનીય છે કે મુખ્ય શિક્ષિકા લક્ષ્મીબેન વસાવાએ લગભગ ત્રણ વર્ષથી નર્મદાથી ગાંધીનગર સુધીના શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓને આ મામલે લેખિત રજૂઆત કરી હતી. છતાં કોઈ કાર્યવાહી ન થતાં આખરે દીવાલ ધરાશાયી થઈ ગઈ.

ઘટનાની જાણ થતાં જ સાગબારા તાલુકા કોંગ્રેસ ST સેલ પ્રમુખ અમજદ વસાવા અને પ્રદેશ કોંગ્રેસ ડેલિગેટ સુરેશ વસાવા ઉમરકૂઈ પ્રાથમિક શાળા પહોંચી ગયા હતા અને તાતાગ મેળવ્યો હતો.



સ્થાનિક ગ્રામજનોએ નારાજગી સાથે જણાવ્યું કે કમ્પાઉન્ડ વોલ સાથે લોખંડનો મુખ્ય દરવાજો જોડાયેલો છે. જો બાળકો શાળામાં હાજર હોત અને દીવાલ કે દરવાજો તેમના પર પડી ગયો હોત તો ભયાનક દુર્ઘટના સર્જાઈ શકી હોત. સદ્ભાગ્યે કુદરતે માસૂમ બાળકોનું રક્ષણ કર્યું, અને તેમની અનુપસ્થિતિમાં આ ઘટના બનતાં વાલીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

# ભાયલી વિસ્તારના અસરગ્રસ્તો માટે આરોગ્ય રાહત કામગીરી હાથ ધરાઈ




(પ્રતિનિધિ) વડોદરાલ તા. 24

વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રે તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી અસરગ્રસ્ત પરિવારોને ભાયલી સ્થિત સરકારી કન્યા શાળામાં સુરક્ષિત રીતે સ્થળાંતરિત કર્યા હતા. વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે આશ્રયસ્થાન પર આરોગ્ય તપાસ કરીને જરૂરી દવાઓ અને ઓઆરએસના પેકેટનું વિતરણ કર્યું હતું. ઉપરાંત સ્થળાંતરિત પરિવારો માટે ભોજન, શુદ્ધ પીવાનું પાણી અને અન્ય જરૂરી સુવિધાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. તંત્ર સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે મર્જ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) | CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧
ટેલિફોનઃ +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્સઃ +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**ધ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચે દર્શાવેલ દેવાદારો અને સહ-દેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે મર્જ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) પાસેથી નીચે મુજબની લોન મેળવેલ છે. નીચે જણાવેલ દેવાદારો અને સહ-દેવાદારોની લોન તેમની સંબંધિત મિલકતોને ગીરો મુકીને લીધી છે. સંબંધિત લોન કરારોની શરતો અને નિયમોનું પાલન કરવામાં તેઓ નિષ્ફળ રહેતા અને લોન ખાતા અનિયમિત થતા, આરબીઆઈ (RBI)ની માર્ગદર્શિકા અનુસાર તેમના લોન ખાતાઓને એનપીએ (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને તેમની પાસેથી બાકી નીકળતી રકમો નીચે આપેલા કોષ્ટકમાં દર્શાવેલ ઇશ્યૂ કરાયેલ સંબંધિત નોટિસ મુજબ છે અને સદર રકમ પર તેમની સંબંધિત તારીખોથી કરાર આધારિત દરે વધુ વ્યાજ પણ લાગુ થશે અને વસૂલવામાં આવશે.

| ક્રમ | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેવાદાર અને સહ-દેવાદારોના નામ | કલમ ૧૩ (૨) નોટિસ તારીખ | કલમ ૧૩ (૨) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 106591471 | હોમ લોન | ૧. બારિયા કાનુભાઈ<br>૨. બારિયા મંગીબેન શણાભાઈ | 13.06.2026 | INR 4,13,798.82/- |
| મિલકતનું સરનામુંઃ ગ્રામ પંચાયત મિલકત નં. ૧૧૭ વાળી મિલકતના તમામ ભાગ, ક્ષેત્રફળ ૭૮.૦૬ ચોરસ મીટર, બાંધકામ ક્ષેત્રફળ ૭૮.૦૬ ચોરસ મીટર, સ્થળ - ગામઃ સાંઢકુવા, પોસ્ટઃ કાઠોલી, તાલુકોઃ સંખેડા, જિલ્લોઃ છોટાઉદેપુર, ગુજરાત-૩૯૧૧૪૫. સીમાઃ પૂર્વઃ આર.સી.સી. રોડ, પશ્ચિમઃ પ્રાથમિક શાળા, ઉત્તરઃ કંચનભાઈ છીતાભાઈનું મકાન, દક્ષિણઃ જેસંગ ઝવેરનું મકાન | | | | | |
| 2 | 128421967 | લોન અગેન્સ્ટ પ્રોપર્ટી | ૧. પીરજાદા મોહમદમોઇદ શબીરહુસેન<br>૨. પીરજાદા શબીરહુસેન કબીરુદ્દીન | 15.07.2026 | INR 6,05,847.57/- |
| મિલકતનું સરનામુંઃ ગ્રામ પંચાયત મિલકત નં. ૧૦૪/૧ વાળી મિલકતના તમામ ભાગ, ક્ષેત્રફળ ૧૧૧.૪૮ ચોરસ મીટર, સ્થળ - નવી નગરી, ગામઃ વેમર, તાલુકોઃ કરજણ, જિલ્લોઃ વડોદરા, ગુજરાત-૩૯૧૨૪૦. સીમાઃ પૂર્વઃ કાલીદાસ વિરામનું મકાન, પશ્ચિમઃ રસ્તો, ઉત્તરઃ આરીફહુસેનનું મકાન, દક્ષિણઃ શાળા | | | | | |

આથી તમને આ પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ સંબંધિત તારીખોથી તેના પર કરારબદ્ધ વ્યાજના દર તથા અન્ય ખર્ચ, શુલ્ક વગેરે સાથેની રકમ ચૂકવવાનું આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં નિષ્ફળ જશો તો, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડની લેણી રકમ વસૂલ કરવા માટે ઉપરોક્ત ગીરો મૂકેલી મિલકતો સામે સરફેસી એક્ટ (SARFAESI Act)ની કલમ ૧૩ (૪) અને કલમ ૧૪ હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે નીચે સહી કરનાર અધિકારી મજબૂર બનશે. વધુમાં, સદર એક્ટની કલમ ૧૩ (૧૩) હેઠળ તમને વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સદર સિક્યોર્ડ એસેટ્સ (જામીનગીરીની મિલકતો) ટ્રાન્સફર/તબદીલ કરવા પર પ્રતિબંધિત કરવામાં આવે છે.

(સહી)
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
તારીખઃ ૨૫.૦૭.૨૦૨૬ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે મર્જ થયેલ અને હાલમાં
સ્થળઃ વડોદરા, ગુજરાત આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ** DGVCL
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરીઃ 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

**વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) તરીકેની લેખિત પરીક્ષા મુલતવી રાખવા બાબતની સૂચના**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તા.૧૫.૦૭.૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે આગામી તા.૨૬-૦૭-૨૦૨૬ ના રોજ સુરત ખાતે યોજાનાર વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) સંવર્ગની લેખિત પરીક્ષા ભારે વરસાદના કારણસર હાલ પૂરતી મુલતવી રાખવામા આવેલ છે. સદર સંવર્ગની લેખિત પરીક્ષા અંગેની નવી તારીખ ઉમેદવારોને વેબસાઈટ ઉપર જણાવવામાં આવશે. જેની તમામ ઉમેદવારો એ નોંધ લેવી તેમજ ઉમેદવારોને DGVCLની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પર નિયમિતપણે અપડેટ જોતાં રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

કા.વા. વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત



**ગોધરા નગરપાલિકા**
**ઓનલાઈન ટેન્ડર નિવિદા-૫ સને-૨૦૨૬-૨૭**

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાક્ટર વિ. ને ગોધરા શહેર માં વિવિધ વિકાસ ના કામો માટે સરકારશ્રીની વિવિધ ગ્રાંટો પૈકી સી.સી.રોડ, ડામર રોડ, પેવર બ્લોક રોડ, સંરક્ષણ દિવાલ, વિગેરે વિકાસ કામોના અંદાજીત રકમ રૂ. ૫૦.૪૩ લાખ થી રૂ.૪૯૯.૩૪ લાખ ના કુલ ૦૩ પેકેજ માટે (૨). ભુગર્ભ ગટર ના મેઈન હોલ ફ્રેમ અને ઢાંકણા (ત્રીજો પ્રયત્ન) અંદાજીત રકમ રૂ.૯.૦૫ લાખ ના ૦૧ કામ (૩). લાઈટ વિભાગમાં ઈલે. મટીરીયલ્સ ખરીદવા માટે વાર્ષિક ભાવનું ટેન્ડર (૪). પાણી વિભાગમાં વિવિધ મટીરીયલ્સ ખરીદવા માટે વાર્ષિક ભાવના ઓનલાઈન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૧૦/૦૮/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી /કોન્ટ્રાક્ટરે ટેકનીકલ બીડ તા.૧૩/૦૮/૨૦૨૬ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ્દ બાતલ કરવાનો હકક નગરપાલિકાને અબાધિત રહેશે. તા. ૨૩/૦૭/૨૦૨૬

(એસ. પી. પટેલ) મુખ્ય અધિકારી નગરપાલિકા ગોધરા
(ડો. આનંદકુમાર ઘડીયાળી) ચેરમેન કારોબારી સમિતી નગરપાલિકા ગોધરા
(જશોદાબેન પ્રજાપતિ) પ્રમુખ નગરપાલિકા ગોધરા
(માહિતી/ગોધરા/૩૩૫/૨૬)



**આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ** Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
ગોધરા શાખાઃ શોપ નં. ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧

**પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ 3 સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ, નીચે દર્શાવેલ દેવાદારો/જામીનદારરોને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવી આપવા કંપનીના અધિકૃત અધિકારી દ્વારા ડિમાન્ડ નોટિસો ઇશ્યૂ કરવામાં આવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેતા, આથી દેવાદારો-જામીનદારરો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, સદર એક્ટની કલમ ૧૩ની ઉપ-કલમ (૪) હેઠળની અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરીને અધોહસ્તાક્ષરકર્તાએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લઈ લીધો છે. સિક્યોર્ડ એસેટ્સ (જામીનગીરીની મિલકતો) મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમય અંગે એક્ટની કલમ ૧૩ની ઉપ-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દેવાદારનું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે. દેવાદારને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે અને આ મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર વ્યાજ સહિત નીચે જણાવેલ રકમ માટે AHFL ના બોજાને આધીન રહેશે.

| ક્રમ | દેવાદારો/સહ-દેવાદારોનું નામ (શાખાનું નામ) | સ્થાવર મિલકતની વિગત | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | કબજા તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 17610000447 / ગોધરા શાખા) કૈલાશ રામ (દેવાદાર) સંજુ (સહ-દેવાદાર) | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં. ૧/૪, શાંતિકુંજ રેસિડેન્સી, મોજે હાલોલ, પ્લોટ નં. ૧/૪, મોજે સથરોટા, સબ ડિસ્ટ્રિક્ટ હાલોલ, જિલ્લો પંચમહાલ, ગુજરાત - ૩૮૯૩૫૦. સીમાઓઃ પૂર્વઃ પ્લોટ નં. ૧/૩, પશ્ચિમઃ પ્લોટ નં. ૨/૧, ઉત્તરઃ પ્લોટ નં. ૧/૧, દક્ષિણઃ રસ્તો | 14-04-2026 & ₹ 7,83,589/- | 22-07-2026 |
| 2 | (લોન કોડ નં. 17610000382 / ગોધરા શાખા) લક્ષ્મણસિંહ રાઠોડ (દેવાદાર) રમિલાબેન રાઠોડ (સહ-દેવાદાર) | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, પ્લોટ નં. ૨૬, ૨૭, ૨૮, ૨૯/૧, શુભ-લાભ રેસિડેન્સી, મોજે હાલોલ, વી. પ્રતાપપુરા, સબ ડિસ્ટ્રિક્ટ હાલોલ, જિલ્લો પંચમહાલ, ગુજરાત - ૩૮૯૩૧૦. સીમાઃ પૂર્વઃ ખેતીની જમીન, પશ્ચિમઃ રસ્તો, ઉત્તરઃ પ્લોટ નં. ૨૫, દક્ષિણઃ પ્લોટ નં. ૨૬, ૨૭, ૨૮, ૨૯/૨ | 14-04-2026 & ₹ 14,23,800/- | 22-07-2026 |

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૨૫.૦૭.૨૦૨૬
અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે મર્જ થયેલ)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧
ટેલિફોનઃ +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્સઃ +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ IV [નિયમ ૮(૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

'ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨' હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે મર્જ થયેલ)ના નીચે સહીકરનાર અધિકૃત અધિકારીએ તારીખ ૧૩-૦૪-૨૦૨૬ની ડિમાન્ડ નોટિસ ઇશ્યૂ કરીને દેવાદાર, સહ-દેવાદારો અને જામીનદારો ૧. પટેલ સતીશભાઈ, ૨. મંજુલાબેન પટેલ, ૩. પટેલ જીતેન્દ્રકુમારને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, તારીખ ૧૦-એપ્રિલ-૨૦૨૬ સુધીની બાકી નીકળતી રકમ ૩,૬૬,૨૪૯.૦૬/- (અંકે રૂપિયા ત્રણ લાખ છાસઠ હજાર બસો ચોતાલીસ અને છ પૈસા પૂરા) ચૂકવી આપવા જણાવવામાં આવ્યું હતું. દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેતા, આથી દેવાદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સદર એક્ટની કલમ ૧૩ની ઉપ-કલમ (૪) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરીને આજે ૨૨ જુલાઈ ૨૦૨૬ના રોજ આ નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લઈ લીધો છે.

દેવાદારોને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે અને આ મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે મર્જ થયેલ)ની રૂ. ૩,૬૬,૨૪૯.૦૬/- (અંકે રૂપિયા ત્રણ લાખ છાસઠ હજાર બસો ચોરતાલીસ અને છ પૈસા પૂરા)ની રકમ તથા તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
સિક્યોર્ડ એસેટ્સ (જામીનગીરીની મિલકતો) મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમય અંગે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દેવાદારનું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે.

**સ્થાવર મિલકતનું વર્ણનઃ**

સ્થાવર મિલકતના તમામ ભાગ, ગ્રામ પંચાયત મિલકત નં. ૫૮૦, વચલું ફળિયું, ગામ વેમર, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા, ગુજરાત-૩૯૧૨૪૦ વાળી મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જેનું ક્ષેત્રફળ ૩૯૦ ચોરસ ફૂટ છે. સીમાઓઃ પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ પટેલ જતીનભાઈ શિવાભાઈનું મકાન, ઉત્તરઃ અતુલભાઈ હીરાભાઈ પટેલનું મકાન, દક્ષિણઃ પટેલ જતીનભાઈ શિવાભાઈનું મકાન

એસડી /-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે મર્જ થયેલ)
તારીખઃ ૨૨-૦૭-૨૦૨૬
સ્થળઃ ગુજરાત
લોન એકાઉન્ટ નં: 140374986



**ટેરિટોરિયલ આર્મીમાં ઓફિસર તરીકે જોડાઓ**
(માત્ર ભૂતપૂર્વ સશસ્ત્ર દળોના કમિશન્ડ ઓફિસર્સ માટે)
પાર્ટ ટાઇમ પ્રતિબદ્ધતા, ફુલ ટાઇમ કરિયર નથી!

ટેરિટોરિયલ આર્મી ઓફિસર તરીકે દેશની સેવા કરવા માટે લાભદાયક રોજગાર ધરાવતા ભૂતપૂર્વ સશસ્ત્ર દળોના કમિશન્ડ ઓફિસર્સ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે..

**ખાલી જગ્યાઓની કુલ સંખ્યા (પ્રોવિન્શિયલ TA માટે):**
(a) પુરુષ - ૦૪ (b) મહિલા - ૦૧
નોંધઃ સંસ્થાકીય જરૂરિયાતો અનુસાર ખાલી જગ્યાઓમાં ફેરફાર થઈ શકે છે.

**પાત્રતાની શરતો**
- માત્ર ભૂતપૂર્વ સેવા આપેલ કમિશન્ડ ઓફિસર જ અરજી કરી શકે છે.
- **રાષ્ટ્રીયતાઃ** ભારતનો નાગરિક (પુરુષ અને મહિલા).
- **વય મર્યાદાઃ** અરજીની તારીખે ૧૮ થી ૪૨ વર્ષ.
- **શૈક્ષણિક લાયકાતઃ** માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક (ગ્રેજ્યુએટ).
- **શારીરિક ધોરણોઃ** ઉમેદવાર તમામ બાબતોમાં શારીરિક અને તબીબી રીતે ફિટ હોવો જોઈએ.
- **રોજગારઃ** લાભદાયક રોજગાર ધરાવતા હોવા જોઈએ.

- **ઇન્ટરવ્યુની તારીખઃ** સપ્ટેમ્બર ૨૦૨૬ (ચોક્કસ તારીખો પછીથી જણાવવામાં આવશે)
- **અરજી સબમિટ કરવાની મુદતઃ** ૨૭ જુલાઈ ૨૦૨૬ થી ૨૫ ઓગસ્ટ ૨૦૨૬
**નોંધઃ અરજીઓ માત્ર પોસ્ટ દ્વારા જ સ્વીકારવામાં આવશે.**
- **સરનામુંઃ** ડિરેક્ટોરેટ જનરલ ટેરિટોરિયલ આર્મી (TA-4), સંરક્ષણ મંત્રાલયનું સંકલિત મુખ્ય મથક, 'A' બ્લોક, ચોથો માળ, સંરક્ષણ મંત્રાલય ઓફિસ સંકુલ, કે.જી. માર્ગ, નવી દિલ્હી - ૧૧૦૦૦૧.

- **અરજી ફોર્મ અને અન્ય વિગતો ભારતીય સેનાની સત્તાવાર વેબસાઇટ www.indianarmy.nic.in પર ઉપલબ્ધ જાહેરાતમાં આપવામાં આવેલ છે. આ મહિનાના 'એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ'માં પણ વિગતવાર જાહેરાત પ્રકાશિત કરવામાં આવશે.**
- **અધૂરા/અપાત્ર અરજી ફોર્મ અને ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ પછી મળેલા અરજી ફોર્મ કોઈપણ જાણ કર્યા વિના નકારી કાઢવામાં આવશે.**
- **નાગરિક (સિવિલિયન) ઉમેદવારોના અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં અને કોઈ પણ જાણ કર્યા વિના નકારી કાઢવામાં આવશે.**

cbc 10120/11/0007/2627